

અનુસંધાન... પાના પહેલાનું

તિરંગા માર્ચ...

163 હેઠળ પ્રતિબંધક આદેશોનું પાલન કરાવતા પરવાનગી નકારી દીધી હતી. નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે કનોટ પ્લેસ એક વ્યસ્ત વ્યાપારી કેન્દ્ર છે જ્યાં લાખો વેપારીઓ અને મુસાફરોની અવરજવર રહે છે. અહીં ભીડ એકત્ર થવાથી નાસભાગ અને ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઇ શકે છે. આ ઉપરાંત સંસદ અને રાજદ્વારી વિસ્તારોની નજીક હોવાના કારણે સુરક્ષાનું જોખમ વધી જાય છે.

દીપકે ઉપરાંત આઈસાના પ્રમુખ નેહા બોરાને પણ મંડી હાઉસ ખાતેથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ દરમિયાન ભીડ, કેમેરા ક્રૂ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે ભારે ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે અગાઉ પ્રદર્શનકારીઓના એક જૂથને અન્ય કોઈ વૈકલ્પિક સ્થળે રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ આપવાની દરખાસ્ત કરી હતી.

દિલ્હીમાં 'લહેરા દો...

એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) અને લાજપત નગર ટ્રેડર્સ એસોસિએશને ચિંતા વ્યક્ત કરી હતી કે કનોટ પ્લેસ અને આસપાસના વિસ્તારોમાં વારંવારના પ્રદર્શનોના કારણે ધંધા-રોજગારને ભારે નુકસાન થઈ રહ્યું છે અને કેટલાક દિવસોએ વેપાર શૂન્ય પર પહોંચી જાય છે.

ચેક રિટર્ન કેસમાં રિક્ષા ચાલકની સજા કાયમ રાખતી સેશન્સ કોર્ટ

સુરતઃ ચેક રિટર્ન કેસમાં રાંદેરના રિક્ષા ચાલકને એક વર્ષની સજા અને વળતરનો ટ્રાયલ કોર્ટનો હુકમ સેશન્સ કોર્ટે યથાવત રાખી અપીલ ફગાવી દીધી હતી. રાંદેર, રામનગરના કમ્પ્યુટર ઓપરેટર વિનોદ દાફડાએ મિત્ર રિક્ષા ચાલક શેખ મોહંમદ હૈદરને રૂ.૪ લાખ હાથ ઉછીના આપ્યા હતા.

જેના બદલામાં પાર્ટ પેમેન્ટ પેટે રૂપિયા અઢી લાખનો ચેક આપતાં રિટર્ન થયો હતો. જેથી વિનોદે એડ્વોકેટ અશ્વિન જોગડિયા મારફતે કોર્ટમાં શેખ મોહંમદ હૈદર વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જે કેસમાં આરોપીને સજા થતાં સેશન્સ કોર્ટમાં અપીલ કરાઈ હતી. સુનાવણી બાદ કોર્ટે આરોપીની અપીલ ફગાવી દીધી હતી.

પશ્ચિમ રેલવે–વડોદરા ડિવિઝન

સુધારો

બાબત : ટેન્ડર નં. DRM BRC ૦૮૩ વર્ષ ૨૦૨૬-૨૭ માં સુધારો. આથી ટેન્ડર નં. DRM BRC ૦૮૩ વર્ષ ૨૦૨૬-૨૭ ના સંબંધમાં સુધારો આપવામાં આવે છે. આથી માહિતગાર કરવામાં આવે છે કે ટેન્ડર દસ્તાવેજમાં Elect P ની વિશેષ શરતોના અમુક પાનાં જોડવામાં આવ્યા નહોતા. હવે ખૂટતાં પાનાં IREPS પોર્ટલ પર અપલોડ કરી દેવામાં આવ્યા છે. અન્ય તમામ નિયમો અને શરતો અપરિવર્તનીય રહેશે. BRC-269

અમને ફોલો કરો: X DRMBRCWR ● drm_vadodara

ફક્ત રૂ. ૮૦/- થી શરૂ

એક્શન, સંવાદોની રમઝટ

જેલર ભાગ-2

રજનીકાંત

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રેઃ ૯.૩૦

સસ્પેન્સ, મર્ડર, હીટ ફિલ્મ

દ્રશ્યમ -3

અજય દેવગન, તબ્બુ, જયદીપ

૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રેઃ ૯.૩૦

RUPAM CINEMA

એડ-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

'જેલર 2' રજનીકાંતના અદ્ભુત સ્વેગવાળી ફિલ્મ

મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: જેલર-2

રેટીંગ: ★★★★☆

એક લાઈનનો પ્રતિભાવ: રજનીકાંતના ફેન્સ માટે મનોરંજનનો ભરપૂર ડોઝ

અભિનેતાઃ રજનીકાંત, રામ્યા કૃષ્ણન, મિથુન ચક્રવર્તી, વિદ્યા બાલાન, મોહનલાલ, ઋતિક રોશન, શિવા રાજકુમાર **નિર્દેશકઃ** નેલ્સન દિલીપકુમાર

સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ 'જેલર' એક ઉત્કૃષ્ટ ફિલ્મ હતી, પરંતુ 'જેલર-2' તેની પૂર્વફિલ્મ કે પહેલી ભાગ કરતા જરાય ઊતરતી નથી. વાસ્તવમાં, ફિલ્મનો પહેલો જ હાફ દર્શકોને પાગલ કરી દેવા માટે પૂરતો છે. છેલ્લા દસ વર્ષમાં ભારતીય સિનેમામાં આટલો પાવર-પેક્ડ અને વિસ્ફોટક પહેલો હાફ ક્યારેય જોવા મળ્યો નથી. થિયેટરોમાં તાળીઓ અને સીટીઓ વગાડી દે તેવા ઓછામાં ઓછા 6થી 7 દ્રશ્યો આ ફિલ્મમાં છે.

દિગ્દર્શક નેલ્સને રજનીકાંતને એક ભગવાનની જેમ રજૂ કર્યા છે, જે 'થલાઈવા'ના ચાહકો માટે સ્વપ્ન સાકાર થવા સમાન છે. જોકે બીજો હાફ પહેલા કરતા થોડો નબળો છે, પરંતુ ફિલ્મ આખરે શાનદાર એલિવેશન મોમેન્ટ્સ સાથે ખૂબ જ સંતોષકારક સિનેમેટિક અનુભવ આપે છે. રજનીકાંતના એપિક અભિનય ઉપરાંત, અનિરુદ્ધનું બેકગ્રાઉન્ડ સ્કોર આ ફિલ્મનું મુખ્ય આકર્ષણ છે, જેણે મોટા પડદા પર આગ લગાવી દીધી છે. ફિલ્મમાં કોમેડી પણ પ્રશંસનીય છે અને હસાવવા માટે ભરપૂર ક્ષણો છે.

આ ઉપરાંત, મોહનલાલ, શિવરાજકુમાર, જેકી શ્રોફ અને ઋતિક રોશનના કેમિયો ફિલ્મની ઉત્તેજનાને એક અલગ જ સ્તરે લઈ જાય છે. એસ. જે. સૂર્યા, મિથુન ચક્રવર્તી અને વિદ્યા બાલન પણ પોતાના પાત્રોને સંપૂર્ણ ન્યાય આપે છે. દિલીપકુમારનું નિર્દેશન અનુકરણીય છે. એકંદરે, 'જેલર-2'એ એક શાનદાર 'માસ એન્ટરટેઈનર' ફિલ્મ છે જે બોક્સ ઓફિસ પર ચોક્કસપણે સુપરહિટ સાબિત થશે. રજનીકાંતે ફરી સાબિત કરી દીધું છે કે તેઓ ભારતીય સિનેમાના નિર્વિવાદ રાજા છે!

RAJHANS

ગોપીતળાવ નવસારી બજાર, સુરત

એક્શન થ્રીલર જેલર – 2 ૧૦.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૪૫, ૭.૩૦, રાત્રેઃ ૧૦.૦૦, ૧૦.૩૦

સ્ટ્રીટ ફાઈટર ૧૨.૦૦, ૫.૧૫

પ્રહાર ૧.૩૦, ૭.૩૦

દશ્યમ-3 ૨.૧૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

અંકિતા ભંડારીના હત્યાકાંડની CBI દ્વારા તળિયાઝાટક તપાસ કરવી જરૂરી છે

ટુ ધ પોઈન્ટ

સંજય વોરા

ઋષિકેશના રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટની નોકરી કરતી ૧૯ વર્ષની અંકિતા ભંડારીની હત્યા થાય છે. હત્યા માટે જવાબદાર ૩ ગુનેગારોને આજીવન કેદની સજા થાય છે, પરંતુ અંકિતાના પરિવાર પાસે હજુ પણ એક પ્રશ્ન છે કે તે VIP કોણ હતો, જેના કહેવા પર તેમની દીકરીને સેક્સ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું અને જ્યારે તેણે ના પાડી ત્યારે તેની હત્યા કરવામાં આવી હતી? આ કેસમાં સંડોવાયેલા VIP લોકોમાં સિક્કિમના રાજ્યપાલ તરીકે નિયુક્ત થયેલા ભાજપના વરિષ્ઠ નેતા દુષ્યંત કુમાર ગૌતમનો પણ સમાવેશ થાય છે. આ પછી અંકિતાના માતા-પિતાએ આ નિમણૂક પર રોક લગાવવાની માંગણી કરી છે. તેમનું કહેવું છે કે તેમની દીકરીની હત્યામાં VIP એંગલની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી નિમણૂક આગળ વધવી જોઈએ નહીં.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અંકિતા ભંડારી હત્યા કેસમાં CBI તપાસની ભલામણ કરી હતી. ત્યારબાદ એવી જાહેરાત કરવામાં આવી હતી કે CBIની સમગ્ર તપાસ વીઆઈપીની ભૂમિકા પર કેન્દ્રિત હશે, જેના કારણે આશા જાગી હતી કે આ કેસમાં સૌથી મોટું રહસ્ય ટૂંક સમયમાં ખુલશે. અંકિતા ભંડારીના પિતા વીરેન્દ્ર સિંહ ભંડારીએ ઉત્તરાખંડ હત્યા કેસમાં ન્યાયની માંગણી કરતા સરકારને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે દુષ્યંત કુમાર ગૌતમનું નામ તેમની પુત્રીની હત્યા સાથે જોડાયેલું હોવા છતાં તેમની સિક્કિમના રાજ્યપાલ તરીકેની નિમણૂક પર સવાલો ઉઠાવ્યા છે. અંકિતાના પિતાએ માંગણી કરી છે કે જો આ નિમણૂક ૨૪ કલાકમાં રદ કરવામાં નહીં આવે તો ઉત્તરાખંડ સહિત દેશભરના લોકો રસ્તા પર ઊતરીને તેનો વિરોધ કરશે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે આ કેસમાં CBIની તપાસ ચાલી રહી હતી ત્યારે દુષ્યંત કુમાર ગૌતમને સિક્કિમના રાજ્યપાલ તરીકે કેવી રીતે નિયુક્ત કરી શકાય. અંકિતા ભંડારીના માતા-પિતા દ્વારા ધરણાં કરવાના સમાચાર બાદ રાહુલ ગાંધી તેમની મુલાકાતે આવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રિયંકા ગાંધી પણ તેમની સાથે હાજર હતાં. રાહુલ ગાંધીએ અંકિતા ભંડારીના માતા-પિતાને ન્યાયની ખાતરી આપતાં કહ્યું કે તેઓ અંકિતાના પરિવારને શક્ય તેટલી બધી મદદ કરશે. તેમણે દરેક પરિસ્થિતિમાં પરિવાર સાથે ઊભા રહેવાનું વચન આપ્યું હતું.

ઉત્તરાખંડના પૌરી ગઢવાલની રહેવાસી અંકિતા ભંડારી લક્ષ્મણ ઝુલા પોલીસ સ્ટેશન વિસ્તાર અને ઋષિકેશના ચીલા વચ્ચે સ્થિત વનતારા રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી હતી. અંકિતા ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ગુમ થઈ ગઈ હોવાની જાણ થઈ હતી. ૨૪ મી તારીખે સવારે ચીલા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. અંકિતા પર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હતી. રિસોર્ટના માલિક પુલકિત આર્ય, મેનેજર સૌરભ ભાસ્કર અને આસિસ્ટન્ટ મેનેજર અંકિત ગુપ્તાની ધરપકડ કરવામાં આવી હતી. ત્રણેયે તેણીને નહેરમાં ધકેલી દેવાની કબૂલાત કરી હતી અને મે ૨૦૨૫ માં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ કેસના કારણે ઉત્તરાખંડમાં વ્યાપક વિરોધ પ્રદર્શનો થયાં હતાં. તે રાજકીય રીતે પણ વિવાદાસ્પદ બન્યો હતો કારણ કે ત્રણ દોષિતોમાંથી એક પુલકિત આર્ય ભાજપના નેતા વિનોદ આર્યનો પુત્ર છે. અંકિતાની હત્યાનો મામલો સામે આવ્યા બાદ વિનોદ આર્યને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. પુલકિતનો ભાઈ અંકિત આર્ય ઉત્તરાખંડમાં અન્ય પછાત વર્ગ આયોગનો ઉપપ્રમુખ હતો, જેને આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ આ પદ પરથી દૂર કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે અંકિતાને VIP નેતાઓ સાથે સેક્સ કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું અને જ્યારે તેણીએ આ વિશે અન્ય લોકોને કહેવાની ધમકી આપી ત્યારે તેની હત્યા કરવામાં આવી હતી.

ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય સુરેશ રાઠોડની સાથી અભિનેત્રી ઉર્મિલા સનાવરે આરોપ લગાવ્યો હતો કે આ કેસમાં વીઆઈપી ભાજપના એક વરિષ્ઠ નેતાદુષ્યંત કુમાર ગૌતમ હતા. ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ દુષ્યંત ગૌતમે ઉત્તરાખંડમાં પાર્ટીના પ્રભારી તરીકે પણ સેવા આપી હતી. ૧૨ ઓક્ટોબરના રોજ તેમને સિક્કિમના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. દુષ્યંત કુમાર ગૌતમે આ આરોપોને નકારી કાઢ્યા છે અને આરોપો લગાવનારાઓ સામે માનહાનિની કાર્યવાહી શરૂ કરી છે. દુષ્યંત ગૌતમે એમ પણ કહ્યું હતું કે અંકિતા ભંડારી હત્યા કેસની સમગ્ર તપાસ, ચાર્જશીટ અને કોર્ટ કાર્યવાહીમાં તેમનું નામ ક્યાંય દેખાયું નથી. તેમણે પોતાની FIRમાં કોંગ્રેસ પાર્ટી વિરુદ્ધ પણ આરોપો લગાવ્યા હતા. દહેરાદૂનના દલાનવાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ દુષ્યંત ગૌતમે આરોપ લગાવ્યો છે કે હરિદ્વારના જ્વાલાપુરના ભૂતપૂર્વ ભાજપી ધારાસભ્ય સુરેશ રાઠોડ અને અભિનેત્રી ઉર્મિલા સનાવરે તેમની વિરુદ્ધ એક સુનિયોજિત ગુનાહિત કાવતરું ઘડ્યું છે. અરજીમાં દુષ્યંત કુમાર ગૌતમે માંગણી કરી હતી કે કોર્ટ તેમની વિરુદ્ધ વાંધાજનક સામગ્રીનું પ્રસારણ બંધ કરાવે અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મને આવી સામગ્રી દૂર કરવા અને ભવિષ્યમાં આવા આરોપો પર કાયમી પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપે. કોંગ્રેસે દાવો કર્યો છે કે દુષ્યંત ગૌતમને બચાવવાના ઈરાદાથી નિયુક્ત કરવામાં આવ્યા છે, કારણ કે રાજ્યપાલ પદ પર હોય ત્યારે કોઈ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાતી નથી. અંકિતાના પિતાએ ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ ધારાસભ્ય સુરેશ રાઠોડ અને તેમની ભૂતપૂર્વ પત્ની ઉર્મિલા સનાવર સાથે સંબંધિત ઘટનાનો વિગતવાર ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ઉર્મિલા સનાવર એક દિવસ તે રિસોર્ટની મુલાકાત લીધી હતી જ્યાં અંકિતા ભંડારી કામ કરતી હતી. આ સમય દરમિયાન ઉર્મિલા સનાવર અને સુરેશ રાઠોડ વચ્ચે વાતચીત થઈ, જેમાં દુષ્યંત કુમાર ગૌતમનું નામ કથિત VIP તરીકે સામે આવ્યું હતું. વીરેન્દ્ર ભંડારીના જણાવ્યા અનુસાર ઉર્મિલા સનાવરે આ વાતચીતનો વીડિયો બનાવ્યો હતો. બાદમાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ ઉર્મિલાએ આ વીડિયો જાહેર કર્યો હતો. વીરેન્દ્ર ભંડારીએ દાવો કર્યો હતો કે ઉર્મિલા સનાવરે આ કેસમાં SIT ને પોતાનું નિવેદન આપ્યું હતું અને પોતાનો ફોન પણ તપાસ એજન્સીને સોંપ્યો હતો. વીરેન્દ્ર ભંડારી માંગણી કરે છે કે ઉર્મિલા સનાવરનાં નિવેદન અને વીડિયોની તપાસ કરવામાં આવે અને CBI તેમનું નિવેદન રેકોર્ડ કરે. આ કેસમાં કરવામાં આવેલા દાવાઓની તપાસ ન થાય ત્યાં સુધી દુષ્યંત કુમાર ગૌતમની રાજ્યપાલ તરીકેની નિમણૂક રદ કરવી જોઈએ.

અંકિતા ભંડારીના પિતા વીરેન્દ્ર ભંડારીએ દુષ્યંત કુમાર ગૌતમની નિમણૂકના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું હતું કે આ નિર્ણયના સમાચાર સાંભળ્યા પછી તેમનો આખો પરિવાર આખી રાત સૂઈ શક્યો નથી. અંકિતાના પિતાએ પાંચ મુખ્ય માંગણીઓ કરી હતીઃ

(૧) અંકિતા કેસમાં સમગ્ર CBI તપાસ સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા નિવૃત્ત ન્યાયાધીશની સીધી દેખરેખ હેઠળ થવી જોઈએ. (૨) યમકેશ્વરના ધારાસભ્ય રેણુ બિષ્ટની પૂછપરછ થવી જોઈએ અને ૨૨ થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન બનેલી ઘટના દરમિયાન તેમના ફોન કોલ ડિટેલ્સની તપાસ થવી જોઈએ. ઉપરાંત, એ પણ નક્કી થવું જોઈએ કે વનતારા રિસોર્ટ તોડી પાડવાનો આદેશ કોણે આપ્યો હતો. (૩) ઉર્મિલા સનાવર અને તેના પતિનાં ઔપચારિક નિવેદનો નોંધવા જોઈએ અને સુરેશ રાઠોડનો નાર્કો ટેસ્ટ કરાવવો જોઈએ. (૪) ૧૮ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમિયાન અજય કુમાર અને દુષ્યંત કુમાર ગૌતમના ફોન લોકેશન અને સંપૂર્ણ કોલ ડિટેલ્સની તપાસ થવી જોઈએ. (૫) આરોપી પુલકિત આર્યના ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના ફોનની કોલ ડિટેલ્સની સંપૂર્ણ તપાસ કરવી જોઈએ જેથી તે કોના સંપર્કમાં હતો તે જાણી શકાય.

ઉત્તરાખંડના મુખ્ય મંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું હતું કે રાજ્યની પુત્રી અંકિતાને ન્યાય આપવો એ રાજ્ય સરકારની ટોચની પ્રાથમિકતા રહી છે. રાજ્ય સરકાર દ્વારા રચાયેલી SIT દ્વારા કરવામાં આવેલી તપાસ પર માત્ર નીચલી અદાલતે જ નહીં પરંતુ માનનીય હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ સંતોષ વ્યક્ત કર્યો છે. હાલમાં કોઈ ઓડિયો ક્લિપના આધારે રાજ્યમાં બિનજરૂરી વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે ન્યાયિક પ્રક્રિયા સંપૂર્ણ ગંભીરતા સાથે તેના નિષ્કર્ષ પર પહોંચી છે અને ગુનેગારોને કડક સજા આપવામાં આવી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અંકિતા ભંડારીના પિતાએ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે આ કેસમાં CBIની તપાસ ચાલી રહી હોય ત્યારે દુષ્યંત કુમાર ગૌતમને સિક્કિમના રાજ્યપાલ તરીકે કેવી રીતે નિયુક્ત કરી શકાય

APPLE CINEMA

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફ્ક્ષી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat

હોરર - કોમેડી ડ્રામા: નઈ નવેલી ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૨૦, ૨.૦૦, ૨.૪૫, ૪.૩૦, ૭.૦૦, રાત્રે : ૮.૦૦, ૯.૧૦, ૧૦.૦૦

કોર્ટ ડ્રામા: પ્રહાર ૯.૨૫, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૭.૦૫, રાત્રે : ૯.૩૦, ૧૦.૩૦

એક્શન થ્રીલર: જેલર 2 ૯.૦૦, ૧૨.૦૦, ૧.૪૫, ૩.૦૦, ૪.૪૦, ૬.૦૦, ૭.૩૫, રાત્રે ૯.૦૦, ૧૦.૧૦

દ્રશ્યમ- 3 ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૨.૫૦, ૪.૨૦, ૫.૨૦, ૭.૨૦, રાત્રે ૯.૪૦, ૧૦.૩૦

સ્ટ્રીટ ફાઈટર ૯.૩૦, ૨.૧૦, ૫.૧૦, ૭.૧૦

હનુમાન અંશ ૯.૩૦, ૧૨.૧૦, ૨.૪૦

મિત્રતા (ગુજરાતી) ૧૨.૩૦, ૫.૦૦, રાત્રે : ૮.૦૦

તરસાડી નગરપાલિકા-તરસાડી, જી. સુરત

તરસાડી નગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈજારદારશ્રીઓ તરફથી ઓફલાઇન પદ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો તરસાડી નગરપાલિકા કચેરીએ થી તા.૧૯/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૧૧/૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધી મળી શકશે.આ ઓફલાઇન ટેન્ડર ઈ. એમ. ડી ટેન્ડર ફી તથા જરૂરી સાધનિક કાગળો તા.૦૯/૧૧/૨૦૨૬ તરસાડી નગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી. થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

અ. નં.	કામનું નામ	૧.અંદાજીત રકમ ૨.સરકારમાન્ય શ્રેણી	૩.ટેન્ડર ફી ૪.ડીપોઝીટ
૨.	સને વર્ષ- એનિમલ બર્થ કંટ્રોલ યોજના હેઠળ તરસાડી નગરપાલિકા વિસ્તારમાં ડોગ વેકસીનેશન કરવાનું કામ	૧)રૂ.૪,૯૦,૦૦૦/- ૨) ઈ-૨ કલાસ અને ઉપર	૩) રૂ.૬૦૦/- ૪) રૂ.૪,૯૦૦/-

ચીફ ઓફિસર
તરસાડી નગરપાલિકા

પ્રમુખ
તરસાડી નગરપાલિકા

ક્રમાંકઃ માહિતી-સૂરત/૭૫૬/૨૦૨૬

રાજપીપળા નગરપાલિકા

ઈ-ટેન્ડરીંગ

આથી નીચે મુજબના કામો કરવાના હોઈ ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં છે ટેન્ડરની વિગત https://tender.nprocure.com પર જોવા મળશે. કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા ટેન્ડરમાં માંગ્યા મુજબના પુરાવા જોડવાના રહેશે.

ટેન્ડર આઈડીઃ 355411

અ. નં.	કામનું નામ	કામની અંદાજીત રકમ	ઈ.એમ.ડી.	ટેન્ડર ફી
૧	સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU), એકતાનગર ખાતે સફાઈ કામગીરી માટે (કુશળ અને અકુશળ મજૂરોની જરૂરિયાત)	00.00	150000.00	5000.00

- » ટેન્ડર ડાઉનલોડ શરૂ થવાની તારીખઃ 14-10-2026 19:00
- » ટેન્ડર સબમિશન કરવાની છેલ્લી તારીખઃ 21-10-2026 19:00
- » ભૌતિક સબમિશન શરૂ થવાની તારીખઃ 14-10-2026 19:00
- » ભૌતિક સબમિશન કરવાની છેલ્લી તારીખઃ 21-10-2026 19:00
- » ટેન્ડર રૂબરૂમાં જમા કરાવવાની છેલ્લી તારીખઃ 22-10-2026 10.30

નગરપાલિકા કચેરી,
રાજપીપળા

(વૈશાલી જી.વરિયા)
મુખ્ય અધિકારી
રાજપીપળા નગરપાલિકા

(શિવાનીબેન એ.મહેતા)
પ્રમુખ
રાજપીપળા નગરપાલિકા

માહિતી/નર્મદા/૩૩૦/૨૦૨૬-૨૭

જાહેર નિવિદા નં.૨૧/ ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ૨૦૨૬-૨૭ અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર.,આર.પી.એડી. થી કાર્યપાલક ઈજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફિકિટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ	૧૬/૧૦/૨૦૨૬
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય	૩૧/૧૦/૨૦૨૬, ૧૮.૦૦ કલાક
પ્રિ-બીડ મીટીંગની તારીખ	૨૭/૧૦/૨૦૨૬
બીડ ખોલવાની તારીખ	૩૧/૧૦/૨૦૨૬, ૧૮.૧૦ કલાક

ક્રમ	કામનું નામ	રકમ રૂ. લાખમાં
૧	ઈન્સપેક્શન ગેલેરીનું કામ (૧) મેઈન રોડ થી જુનુ દાવદહાડ રોડ મેજર બ્રીજ ૦/૪૦૦ થી ૦/૬૦૦ (૨) શેપુઆંબા લહાનઝાડદર મોટી ઝાડદર રોડ મેજર બ્રીજ ૦/૨૦૦ થી ૦/૪૦૦	૮૪
૨	ઈન્સપેક્શન ગેલેરીનું કામ (૧) માછળી ચીખલા દીવડયાવન રોડ મેજર બ્રીજ ૧/૬૦૦ થી ૧/૮૦૦ (૨) વઘઈ દોડીપાડા દગડીઆંબા ભેંડમાળ રોડ મેજર બ્રીજ ૧/૮૦૦ થી ૨/૦૦૦	૬૦

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ, આહવા

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૧૨૦/૨૦૨૬

સુરત મહાનગરપાલિકા
ડ્રેનેજ /હાઈડ્રોલિક વિભાગ
જાહેરનામું

FIT INDIA

આથી હું, રાજકુમાર બેનિવાલ (આઈ.એ.એસ.) કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત, સને ૧૯૪૯ ની ધી મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાની કલમ ૨૩૬(૧)(૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, હાઈડ્રોલિક અને ડ્રેનેજ વિભાગ હસ્તક ઈસ્ટઝોન-બી (સરથાણા) ઝોન વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક, રાઈઝીંગ મેઈન લાઈન તથા હાઈડ્રોલિક વિભાગની પાણીની લાઈન નાંખવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ઉપરોક્ત કામગીરી હેઠળ ગોપીન સર્કલ થી અબ્રામા ગામ (DFCCIL રેલ્વે અંડરપાસ) સુધીના રસ્તા પર તા.૧૪/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૨/૨૦૨૬ સુધી ડ્રેનેજ લાઈન તથા પાણીની લાઈન નાંખવાની જરૂરીયાતે અત્રેથી ખોદાણ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેથી આ રસ્તા પર તા. ૧૪/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૨/૨૦૨૬ સુધી તમામ રાહદારીઓ તેમજ તમામ પ્રકારના વાહન વ્યવહારની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ રસ્તા પર સદર કામગીરી દરમ્યાન વૈકલ્પિક રૂટ તરીકે (૧) અબ્રામા ગામ તરફથી ગોપીન સર્કલ તરફ જતા ફક્ત નાના વાહનો માટે DFCCIL રેલવે અંડરપાસ થી સાગા સ્ટુડીયો / જિયો પેટ્રોલ પંપ થઈ, કુંમકુંમ બા સર્કલ થઈ રીંગ રોડ પરથી ગોપીન સર્કલ જઈ શકાશે તથા ગોપીન સર્કલ થી અબ્રામા ગામ તરફ જવા માટે ફક્ત નાના વાહનો માટે કુંમકુંમ બા સર્કલ થી સાગા સ્ટુડીયો દુખીયાના દરબાર રોડ પરથી કેનાલ થઈ અબ્રામા ગામ તરફ જઈ શકાશે. (૨) ગોપીન સર્કલ થી હાઈવે તરફ જતા મોટા વાહનો માટે કુંમકુંમ બા સર્કલ થી દુખીયા ના દરબાર રોડ થઈ ગોથાણ રેલવે બ્રીજ પાસે થી રંગોલી ચોકડી થઈ હાઈવે તરફ જઈ શકાશે તથા હાઈવે થી ગોપીન સર્કલ આવતા મોટા વાહનો ગોથાણ રેલવે બ્રીજ થી કુંમકુંમ બા સર્કલ થઈ ગોપીન સર્કલ આવી શકાશે.

ઉપરોક્ત સમયગાળા દરમ્યાન સદર રસ્તા પર તમામ રાહદારીઓ તેમજ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધ મુકવામાં આવે છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. સદર રોડ પર તબક્કાવાર કામગીરી થનાર હોય, સદર રસ્તાના ભાગ પર કામગીરી પુરી થશે તેમ તેમ તેટલા ભાગનો રસ્તો નાગરિકોની સુવિધા માટે અંશતઃ રીતે તબક્કાવાર રીતે ખુલ્લા કરવામાં આવનાર છે. સદર કામગીરી પુર્ણ થયેથી પ્રતિબંધિત માર્ગ રાહદારીઓ તેમજ વાહન વ્યવહાર માટે ફરીથી ખુલ્લો કરવામાં આવશે.

પી.આર.ઓ.નં.૨૯૭/૨૦૨૬-૨૭
તા.૧૬/૧૦/૨૦૨૬

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ઈ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૨ (બીજો પ્રયત્ન) ટેન્ડર આઈ.ડી.નં-૩૫૫૬૭૧ સનેઃ૨૦૨૬-૨૭ સંપર્ક નં.૯૯૭૮૪૦૫૧૯૪

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, રાજપીપળા દ્વારા ટેન્ડરની શરતો મુજબ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઠેકેદારોશ્રી પાસેથી ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી સીંગલ બીડથી નિવિદા નં.૦૨ નર્મદા જીલ્લાની નાંદોદ તાલુકાની કરજણ ડાબા કાંઠા ભાગ-૨ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત બાકી રહેતા ફળીયા કનેક્ટિવિટીના ૯(નવ)માસની કામગીરીની અંદાજીત રકમ ૮૦.૮૪ લાખ (આઈ.ડી.નં-૩૫૫૬૭૧) જી. નર્મદા માટે ઓનલાઈન ભાવપત્રક મંગાવવામાં આવે છે.
ઉક્ત કામની ટેન્ડર ફી/બાનાની રકમ તથા અન્ય વિગતો વેબસાઈટ http://tender.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ-૦૬/૧૧/૨૦૨૬ ૧૮.૦૦ કલાક છે. કોઈ પણ ટેન્ડર કે તમામ ટેંડરો કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. કામની ટેંડર ડોક્યુમેન્ટ/ સુધારા કે કોઈપણ ફેરફાર ફક્ત વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.
ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(એ.એન.ચૌધરી)
કાર્યપાલક ઈજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
રાજપીપલા

માહિતી/નર્મદા/૩૩૧/૨૦૨૬-૨૭

જાહેરાત

મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત દ્વારા કેરિયર કાઉન્સેલરની ભરતી

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરીના તાબા હેઠળની મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સુરત ખાતે NCS યોજના અંતર્ગત જિલ્લાના યુવાનોને રોજગારક્ષમ બનાવવા માટે કારકિર્દી માર્ગદર્શન, રોજગાર ક્ષમતા વર્ધન કાર્યક્રમો, ખાનગીક્ષેત્રનાં નોકરીદાતાઓના સંકલનમાં રહી રોજગાર ભરતીમેળાઓનું આયોજન તેમજ વિવિધ રોજગાર / સ્વરોજગારલક્ષી શીબીર દ્વારાં માર્ગદર્શન, વિદેશ જવા માટે માર્ગદર્શન તથા રોજગારલક્ષી પ્રવૃતિઓની કામગીરી માટે કેરિયર કાઉન્સેલરની નિમણૂક તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા	શૈક્ષણિક લાયકાત	અનુભવ	વય મર્યાદા	વેતન	અરજી કોને કરવી
૧	કેરિયર કાઉન્સેલર	૦૨(બે)	એમ.એસ.ડબલ્યુ / એમ.એ. (સાયકોલોજી) / એમ.એસ.સી (સાયકોલોજી) / એમ.બી.એ. (એચ.આર.) / પી.જી.ડી. (એચ.આર.) / પી.જી.ડી.ઈન વોકેશનલ ગાઈડન્સ એન્ડ કાઉન્સેલીંગ	જાહેર/ખાનગીક્ષેત્રમાં પ્લેસમેન્ટ/ વ્યવસાય માર્ગદર્શન સેવાઓ નો ૧ વર્ષનો અનુભવ / રોજગારી/ શિક્ષણક્ષેત્રે કાઉન્સેલીંગનો ૧ વર્ષનો અનુભવ ઈચ્છનીય , અંગ્રેજી / ગુજરાતી ટાઈપીંગના તથા સી.સી.સી. સર્ટીફીકિટ. (સરકારશ્રીના નિયમોનુસાર)	૨૧ થી ૩૫ વર્ષ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખે	માસિક રૂ. ૨૦૦૦૦/- ફિક્સ.	મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, સી-બ્લોક, પાંચમો માળ, બહુમાળી ભવન, નાનપુરા સુરત-૩૯૫૦૦૧

ઉપર દર્શાવેલ કેરિયર કાઉન્સેલરની જગ્યા તદ્દન હંગામી ધોરણે, ફિક્સ પગારથી ફક્ત ૧૧ માસની મુદત માટે કરાર આધારીત નિયુક્તિ કરવામાં આવશે. ઉપરોક્ત લાયકાત/અનુભવના ધોરણો ધરાવતા ઉમેદવારોએતા.૨૯/૧૦/૨૦૨૬ સુધીમાંકચેરી સમય દરમ્યાન અરજી સંપૂર્ણ મળી રહે એ રીતે બાયોડેટા તથા જરૂરી પ્રમાણપત્રો સાર્ટીફીકેટની સ્વપ્રમાણીત નકલો સાથે રજીસ્ટર પોસ્ટથી અથવા રૂબરૂમાં અરજી કરવાની રહેશે. તા.૨૯/૧૦/૨૦૨૬ પછીના સમયે મળેલ અરજી રદબાતલ ગણવામાં આવશે.

મદદનીશ નિયામક (રોજગાર)
મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, સુરત.

ક્રમાંકઃ માહિતી-સુરત/૭૫૮/૨૦૨૬

ઓનલાઇન ટેન્ડરીંગ

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય

ટેન્ડર નોટિસ નં.૧૮ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, તાપી (મા. × મ.) વિભાગ, વ્યારા, જિલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, બીજો માળ, પાનવાડી, વ્યારા, જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૧૯ તરફથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ બે કવર (ટેકનીકલ અને પ્રાઈસ બીડ) ફોર્મ બી-૧ /એસ.બી.ડી. પદ્ધતિથી ગુજરાત રાજ્યમાં અથવા અન્ય રાજ્યમાં અથવા સી.પી.ડબલ્યુ.ડી.માં નોંધાયેલ નીચે જણાવેલ વર્ગમાં અથવા સમકક્ષ નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	અંદાજીત કિંમત	બાનાની રકમ	ટેન્ડર ફી	લાયકાત
૧	રીસર્ફેસીંગ એન્ડ સ્ટ્રેન્થનીંગ ઓફ વેલ્દા-કવીઠા-કુકરમુંડા રોડ, કિ.મી.૦/૦ થી ૯/૪૧૦, જી.તાપી	૧૫,૬૧,૪૧,૧૯૮.૧૦	૧૬,૦૦,૦૦૦/-	૧૮૦૦૦/-	"એએ" કલાસ અને સ્પે. કેટ.I (રોડ) અને ઉપરના
૨	રીસર્ફેસીંગ ઓફ હલદુવા-મહુવરીયા રોડ, જોઈનીંગ એસ.એચ. કિ.મી.૬/૬૦૦ થી ૯/૯૦૦ જી.તાપી (એમ. ડી.આર.)	૨,૧૬,૬૩,૭૦૦.૦૦	૩,૦૦,૦૦૦/-	૩૬૦૦/-	"બી" કલાસ અને સ્પે.કેટ. III (રોડ) અને ઉપરના

ટેન્ડરના દસ્તાવેજો તા.૨૯/૧૦/૨૦૨૬ દરમ્યાન ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે અને ટેન્ડર દસ્તાવેજ ઓનલાઈન સબમીશનની તા.૨૯/૧૦/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી છે.

ટેન્ડરના તા.૩૦/૧૦/૨૦૨૬નાં રોજ અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (માxમ) વર્તુળ, સુરતની ચેમ્બરમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.

ક્રમ નં.૧, ટેન્ડરની પ્રી-બીડ કોન્ફરન્સ તા.૨૨/૧૦/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ કલાક પછી અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (માxમ) વર્તુળ, સુરતની કચેરીમાં રાખવામાં આવેલ છે.

ટેન્ડર ફી નાં ડીમાન્ડ ડ્રાફ્ટ, બાના રકમ માટે એફ.ડી.આર. અથવા મુક્તિ પ્રમાણપત્ર, માન્ય નોંધાયેલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, બેંક સોલ્વંશી (માન્ય) ભાગીદાર કરાર વિગેરે ઈલેક્ટ્રોનીક ફોર્મેટથી (સ્કેનીંગથી) રજુ કરવાનું રહે છે.

ટેન્ડર ફી તથા બાનાની રકમનો મૂળ દસ્તાવેજ તા.૩૦/૧૦/૨૦૨૬ થી તા.૦૫/૧૧/૨૦૨૬ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી, તાપી (મા. અને મ.) વિભાગ, વ્યારાના સરનામે અને કવર ઉપર કામનું નામ જણાવી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી પણ અવશ્ય મોકલવું.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટનો સંપર્ક સાધવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
તાપી (માxમ) વિભાગ
વ્યારા

ક્રમાંક : માહિતી-સુરત/૭૫૩/૨૦૨૬

જોઈએ છે

ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ,રાજપીપલા સંચાલિત શ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન,રાજપીપલામાં ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૯૩૯-૪૧ તા.૨૩/૦૯/૨૦૨૫ તથા કવટ/isc3/ NOCમુદ્દતવધારો/૨૦૨૫/૧૨૩૩૯ તા.૨૮/૦૯/૨૦૨૬ અને કવટ/isc3/NOCમુદ્દતવધારો/૨૦૨૫/૧૩૩૯૧તા.૧૩/૧૦/૨૦૨૬ થી વર્ગ-3 ની જગ્યા ભરવા NOC મળેલ છે.ભરતી કરવા માટે અરજીનો નિયત નમૂનો તેમજ ભરતી સંબંધી જરૂરી વિગતો કોલેજની વેબસાઈટ www.cpdcpe.org પર મૂકેલ છે.

ક્રમ	જગ્યાનું નામ	કુલ ખાલી જગ્યા	કેટેગરી	લાયકાત	પગાર	વય મર્યાદા
૧.	જુનિયર ક્લાર્ક	૦૧	Open	સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જે તે વિધાશાખામાં સ્નાતક ડિગ્રી તેમજ ગુજરાત સરકારની માન્ય સંસ્થાની કોમ્પ્યુટર પરીક્ષા પાસ	૨૬,૦૦૦/- ૫ વર્ષ માટે ફિક્સ પગાર	૨૦ થી ૩૫ વર્ષ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો મુજબ
૨.	લેબ આસીસ્ટન્ટ	૦૧	Open	બી.એસ.સી.- સ્નાતક,વિજ્ઞાન વિધાશાખા	૨૬,૦૦૦/- ૫ વર્ષ માટે ફિક્સ પગાર	

NOC માં દર્શાવેલ તમામ શરતો નિમણુંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે. અધુરી,અસ્પષ્ટ વિગતો અને પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે. જે જગ્યા માટે અરજી કરવાની હોય તે કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે. એક કરતાં વધારે જગ્યા માટે અરજી કરવાની હોય તો અલગ-અલગ અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ જાહેરાત પ્રકાશિત થયાના ૧૫ દિવસ સુધીમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી./Speed Post દ્વારા અરજી આચાર્યશ્રી, શ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન,રાજપીપલા,તા.નાંદોદ,જી.નર્મદા.ને મોકલવાની રહેશે. દરેક અરજી સાથે એલ.સી. અને ગુણપત્રકો સ્વપ્રમાણિત નકલ સાથે તેમજ તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો તેમજ રૂ.૧૦૦૦/- નો નોન-રીફંડેબલ ડીમાન્ડ ડ્રાફ્ટ- ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ,રાજપીપલાના નામનો ફરજીયાત સામેલ રાખવાનો રહેશે.

આચાર્યશ્રી
શ્રી છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ
ફિઝિકલ એજ્યુકેશન,રાજપીપલા
તા.નાંદોદ,જી.નર્મદા - ૩૯૩૧૪૫

માહિતી/નર્મદા/૩૩૨/૨૦૨૬-૨૭